જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૮/૨૦૧૮ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૫૪૦/૧૮

**સોશીયલ મીડીયા ઇન્સ્ટાગ્રામ પર ફેક પ્રોફાઇલ બનાવી અશ્લીલ અને બિભત્સ વાતોથી ચેટીંગ કરનાર યુવકને પકડી પાડતી સાયબર ક્રાઇમ, અમદાવાદ શહેર.**

---

ફરીયાદીબેન નાઓએ સાયબર ક્રાઇમ ખાતે આવી જણાવેલ કે, સોશીયલ મીડીયા ઇન્સ્ટાગ્રામ પર જાન્યુઆરી/૨૦૧૮ ના છેલ્લા વીક થી આજદિન સુધી ફરીયાદીના નામની ફેક પ્રોફાઇલ બનાવી ફરીયાદીના સ્ત્રી મિત્ર સાથે અશ્લીલ અને બિભત્સ વાતો થી કોઇ અજાણ્યો ઇસમ ચેટીંગ કરી રહેલ હોવાની હકીકત અત્રે સાયબર ક્રાઇમના નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડૉ.રાજદીપસિંહ ઝાલા નાઓને રજુઆત કરતાં સદરી બાબતે તાત્કાલીક ગુનો દાખલ કરી આરોપીને પકડી પાડવા સારૂ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ નાઓને જરૂરી સુચના અને માર્ગદર્શન આપતાં પો.સ.ઇ.શ્રી એસ.એસ.નાયર એ.એસ.આઇ. બીપીન પટેલ નાઓએ સદરી બાબતે ડીસીબી પોલીસ સે.ગુ.ર.નં. ૩૦૬૦/૨૦૧૮ ધી આઇટી એક્ટ કલમ ૬૬સી, ૬૭ મુજબનો ગુનો દાખલ કરી ગુનાની આગળની વધુ તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ નાઓએ સંભાળી જરૂરી ટેકનીકલી પુરાવા એકત્રીત કરતાં ઉપરોક્ત મુજબનુ અસ્લીલ અને બિભસ્ત વાતો થી ચેટીંગ કરનાર આરોપી અમદાવાદ શહેરના સેટેલાઇટ વિસ્તારનો હોવાનુ જણાઇ આવેલ જે આધારે પોલીસ સબ ઇન્સ્પેક્ટર શ્રી બી .બી.સોલંકી તથા એસ.એસ.નાયર નાઓને જરૂરી પોલીસ ટીમ સાથે સેટેલાઇટ અમદાવાદ ખાતે મોકલી આપેલ જ્યાં તેઓએ તપાસ કરી આરોપી દીનેશ બીપીનચંદ્ર ઠક્કર(પુજરા) ઉ.વ ૨૪ રહે. સી/૧૭ મંગલદીપ એપાર્ટ મેન્ટ પૃથ્વીટાવરની સામે સેટેલાઇટ અમદાવાદ શહેર નાનો મળી આવતાં સદરી સદર ગુનાના કામે આજરોજ તા.૧૦.૦૮.૨૦૧૮ ના રોજ પોલીસ ઇન્સપેક્ટર જે.એસ.ગેડમ નાઓએ પકડી અટક કરેલ છે.

સદરી આરોપી ધોરણ-૧૨ સુધી ભણેલ છે અને હાલમાં મેડીકલ સ્ટોરમાં નોકરી કરે છે જેની પુછપરછ દરમ્યાન જાણવા મળેલ કે, આરોપી એકતરફી પ્રેમમાં હોય જેથી ફરીયાદીના નામનું આઇડી બનાવી ફરીયાદીબેનના સ્ત્રી મિત્રો સાથે બિભત્સ ચેટીંગ કરી રહેલ હતા જેથી ફરીયાદીબેન ની બદનામી કરવાના આશયથી આ ગુનો આચર્યો હોવાનું ધ્યાન પર આવેલ છે. આરોપીએ અગાઉ અન્ય કોઇ ફેક એકાઉન્ટ બનાવેલ છે કે કેમ તે અંગે પુછપરછ ચાલુ છે.

# જુગાર રમી રમાડતા જુગારીઓને કુલ્લે કિ.રૂ. ૧,૨૫,૭૪૦ /-ની મતાના મુદામાલ સાથે પકડી પાડતી ઘાટલોડીયા પોલીસ

અમદાવાદ શહેર ના.પો.કમિશ્નર.શ્રી ઝોન-૧ સાહેબ ના માર્ગદર્શન હેઠળ તેમજ મદદનિશ પોલીસ કમિશ્નર સા.શ્રી "ક" વિભાગ નાઓની સુચાનાથી ઘાટલોડીયા પો.સ્ટેશન  વિસ્તારમા પ્રોહી જુગાર ની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા સારૂ અમો તથા સાથેના પોલીસ સબ ઇન્સ.આર.એન.પ્રસાદ તથા તથા સ્ટાફના અ.હે.કો.મહેબુબભાઇ જીવાભાઇ બ.નં-૮૧૪૪ તથા અ.હે.કો.રાકેશસિંહ ધર્મેન્દ્રસિંહ બ.નં-૪૩૮૮ તથા અ.પો.કો.છત્રસિંહ રામભા બ.નં-૪૧૦૦ તથા અનાર્મ લોકરક્ષક કેતનભાઇ હરેશભાઇ બ.નં-૧૦૨૦ તથા અ.પો.કો.અજીતસિંહ દિલીપસિંહ બ.નં-૮૮૯૭ નાઓ પો.સ્ટેશન વિસ્તારર્મા પેટ્રોલીંગમા હતા દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે ઘાટલોડીયા, અલ્કાપુરી સોસાયટીના મ.નં-૨૯ માં આવેલ ધાબાની ગેલેરીના ખુલ્લી જગ્યામાં રેઇડ દરમ્યાન આરોપીનં(૧) નરભેરામ ઉર્ફે નરેશભાઇ મગનભાઇ પટેલ ઉ.વ.૫૩ ધંધો-નોકરી રહે- એફ/૧૪, અર્જુન એપાર્ટમેન્ટ, કર્મચારી સ્કુલની બાજુમાં, ઘાટલોડીયા, અમદાવાદ શહેર નં(૨)મનસુખભાઇ દયાળજીભાઇ પટેલ ઉ.વ.૬૦ ધંધો-નિવુત રહે-જી/૫૨, અર્જુન એપાર્ટમેન્ટ, ઘાટલોડીયા, અમદાવાદ શહેર નં(૩)ગૌરાંગભાઇ ચંદ્રકાંતભાઇ પટેલ ઉ.વ.૩૮ ધંધો-વેપાર રહે-મ.નંજી-૩૨, અર્જુન એપાર્ટમેન્ટ, ઘાટલોડીયા, અમદાવાદ શહેર નં(૪) અલ્પેશભાઇ કનુભાઇ પટેલ ઉ.વ.૪૮ ધંધો-વેપાર રહે-મ.નં-૫, અનિકેત બંગ્લો, સુર્યા બંગલોની પાછળ, સોલા, અમદાવાદ નં(૫) નારાયણભાઇ નાથાભાઇ ચૌધરી ઉ.વ.૫૮ ધંધો-નોકરી રહે- એસ/૨/૧૯, ન્યુ સતાધાર કોમ્પલેક્ષ, ઘાટલોડીયા, અમદાવાદ શહેર નં(૬) કિરણભાઇ જ્યોતિન્દ્રભાઇ ત્રીવેદી ઉ.વ.૫૦ ધંધો-નોકરી રહે-મ.નં-૧૦ રૂષભ કોમ્પલેક્ષ, માનસી સર્કલ, વસ્ત્રાપુર, અમદાવાદ નં(૭) જગદીશભાઇ રમણભાઇ પટેલ ઉ.વ.૪૨ ધંધો-કોન્ટ્રાકટ રહે-બી/૭, અક્સય એપાર્ટમેન્ટ, વસ્ત્રાપુર ગ્રામ પંચાયત પાસે, વસ્ત્રાપુર ગામ, અમદાવાદનાઓ મળી આવેલ તેમજ સદર જગ્યાએથી ગંજીપાના ગંજીપાના કેટ નંગ -૦૨ કી.રૂ.૦૦/૦૦ તથા તે તથા મોબાઇલ નંગ-૦૬ કુલ્લે કિ.રૂ.૨૦,૦૦૦/-તથા અંગજડતી કરતા કુલ્લે નાણા રૂ.૨૫,૮૭૦/- તથા દાવના નાણા રૂ-૮૫૦/- તથા સ્થળ ઉપરથી મળી આવેલ વાહનો જેમા ટુ વ્હીલર-૦૫ જેની કુલ્લે કિ.રૂ.૭૯,૦૦૦/-મળી કુલ્લે કિ.રૂ.-૧,૨૫,૭૪૦/-ની મતાના મુદામાલ મળી આવેલ છે. તેમજ સદર ગુનાની વધુ તપાસ પો.સ.ઇ.આર.એન.પ્રસાદ નાઓ કરે છે.

## ઇન્ગ્લિશ દારૂના કોટરો સાથે આરોપણબેનને પકડી ઈન્ગ્લીશ દારૂનો ક્વોલીટી કેસ શોધતી જીઆઇડીસી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સા શ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર સા શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જે' ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પ્રોહિબિશનના ગુનાઓની પ્રવૃત્તિ અટકાવવા સારૂ અસરકારક પગલાં લેવાં કરેલ સુચના અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સ.ઈ.શ્રી વિરેંદ્રસિંહ.એન.વાઘેલા તથા અહેકો બળવંતસિંહ મંગળસિંહ તથા અપોકો ફીરોજશા મરદાનશા તથા અપોકો વિજયસિંહ ભુપતસિંહ બ.નં ૧૩૧૮૮ તથા એલ.આર હરદીપસિંહ ભુપતસિંહ નાઓ સાથે પેટ્રોલીંગ દરમ્યાન અહેકો બળવંતસિંહ મંગળસિંહ તથા અપોકો ફીરોજશા મરદાનશા નાઓની હકીકત આધારે જશોદાનગર દેવીમાં ત્રણ રસ્તા પાસે જાહેરમાંથી એક બહેન <u>રમીલાબેન તે રાજેશભાઈ બચુભાઈ પલાસની વિધવા ઉ.વ ૬૨ રહે-ગામ- અભલોડ તા-ગરબાડા જી-દાહોદ</u> નાને ગેર કાયદેસર વગર પાસ પરમીટે પર-પ્રાંતીય ROYAL SELECT DELUXE WHISKY ના કોટર નંગ ૩૧૩ કિ.રૂ ૨૫,૦૪૦/- ના મુદ્દામાલ સાથે તા:૧૦/૦૮/૧૮ ના ૬:૨૦/૩૦ વાગે પકડી નજરકેદ કરેલ છે.

---

## અમરાઇવાડી પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોર્ડ દ્વારા ઇગ્લીશ દારૂનો જથ્થો પકડી પાડી કરેલ સારી કામગીરીની પ્રેસનોટ

**મહેરબાન પોલીસ કમિશ્નરશ્રી અ'વાદ શહેર તથા અધીક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબની તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન ૫ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી "આઇ" ડીવીજન સા. નાઓની સુચનાથી મળેલ કે પ્રોહી/જુગારની ચાલતી તમામ પ્રવૃત્તિઓ નેસ્ત નાબુદ કરી આવી પ્રવૃતિઓ કરનાર વિરૂધ્ધમાં કાયદેસર કાર્યવાહી કરવા જણાવતા અત્રેના પો.સ્ટે.ના પો.ઇન્સ.શ્રી ઓ.એમ.દેસાઇ સાથે સર્વે.સ્કોડના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો. જિતેન્દ્રકુમાર ઇશ્વરભાઇ.તથા એલ.આર પિયુશકુમાર કરમશીભાઇ નાઓને સંયુકત ખાનગી બાતમી હકીકત આપેલ કે અમરાઇવાડી બલરામની ચાલીના રહેતો રાજકુમાર ઉર્ફે રાજા ઉર્ફે ટમાટર તથા તેના મળતીયા માણસો સાથે પોતાના બે મો.સા ઉપર પોતાના આર્થીક ફાયદા સારૂ વેચાણ કરવા કેટલોક પર પ્રાંતનો ઈગ્લીશ દારૂનો જથ્થો લાવી રાજાના ઘરની બાજુમા જાહેર શીચાલય પાસે છુપાવે છે અને દારૂનો જથ્થો સગે વગે કરે છે જે બાતમી હકીકત આધારે કાયદેસરની કાર્યવાહી કરવા બે પંચોના માણસોને બોલાવી હકીકત સમજાવતા પંચોએ પંચમા રહેવા સ્વખુશી બતાવતા પંચો તથા સ્ટાફના માણસોની સાથે સદર જગ્યાએ આવતા સદરી ઈસમ રાજકુમાર ઉર્ફે રાજા ઉર્ફે ટમાટર તથા તેની સાથે તેના બે મિત્રો રાજકુમાર ના ઘર પાસે જાહેર શૌચાલય પાસે કંઇક મુકતા લેતા જણાયેલ જે આપ સાહેબે અમો તથા પંચો ને ઈસારાથી બતાવી તુરંત રેડ કરતા સદરી ઈસમ પોલીસને જોઈ પોલીસ આવી તેવી બુમ પાડી ત્યાંથી ભાગી ગયેલ અને તેની સાથેના બે મિત્રો તેની પાસેના પોતાના મો.સા સ્થળ ઉપર મુકી ભાગી ગયેલ અને નાની મોટી ઇગ્લીશ દારૂની સિલબંધ કુલ્લે બોટલ નંગ ૧૫૮ કિ.રૂ.૫૩૨૦૦/- તથા (૧) સ્પલેંડર મો.સા નં.GJ.27.AK.9413 જેની કિ.રૂ.૩૫૦૦૦/- ગણાય તથા (૨) પલ્સર મો.સા નં.GJ..01.EP.0276 જેની કિ.રૂ.૪૫૦૦૦/- ગણાય તે મળી કુલ્લે રૂ.૧૩૩૨૦૦/- નો મુદ્દામાલ પંચનામા વિગતે કબ્જે લઇ નાસીજનાર ઇસમો વિરૂધ્ધ અમરાઇવાડી પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં.૫૨૪૩/૧૮ ધી પ્રોહી કલમ ૬૬(બી),૬૫(એ)(ઈ).૧૧૬(૧)બી. ૮૧ ૯૮(૨) મુજબ કાયદેસર કાર્યવાહી કરેલ છે**

# જુગારનો કેસ શોધી કાઢતી વટવા પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરશ્રી એ.કે.સિંઘ સાહેબનાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી અશોક કુમાર યાદવ સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન ૬ શ્રી સૌરભ તોલંબીયા સાહેબ તથા મ.પો.કમી."જે" ડીવીઝન શ્રી વી.એમ.જાડેજા સાહેબનાઓની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાનોએ જુગાર /પ્રોહીની પ્રવ્રુતી નેસ્તનાબુદ કરવા આપેલ સુચના આધારે પો.સ.ઇ.એસ.પી.ગોહિલ નાઓએ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા ચોકકસ બાતમીના આધારે "વટવા વસંત ગજેન્દ્ર ગડકર નગર ચાર માળીયા ૪૦ નંબર બ્લોકના ખૂણા ઉપર જાહેરમા સટ્ટા બેટીંગનો આંક ફરકનો આંકડા લખી પોતાના આર્થીક ફાયદા સારૂ જુગાર રમી રમાડતા (૧) નઝીરહુસૈન હસનઅલી શેખ ઉ.વ.૪૭ રહે. બ્લોક નં. ૪૨ રૂમ નં.૧૩૩૬ વસંત ગજેન્દ્ર ગડકર નગર ચાર માળીયા સદભાવના ચોકી સામે વટવા અમદાવાદ શહેર + ૫ = ૬ નાઓને ત્રણ બ્લ્યુ બોલપેન કિં.રૂ.૦૦/- તથા આંક લખેલી ત્રણ ચીઠીની કિ.રૂ.૦૦/- તથા અંગ ઝડતીના નાણા રૂ.૧૧૩૭૦/- તથા ચાર અલગ અલગ કંપનીના મોબાઈલ ફોન કિં રૂ.૨૫૦૦/- આમ જુગાર રમવાનાં સાધનો સાથે કુલ્લે રૂ- ૧૩૮૭૦/- નો મુદ્દામાલ કબ્જે કરી આજરોજ તા.૧૧/૦૮/૨૦૧૮ ના કલાક ૦૦/૧૫ વાગે પકડી અટક કરી આ કામે સટ્ટા આંક લખતો ફૈજ મોહમદ નૂર મોહમદ શેખ વસંત ગજેન્દ્ર ગડકર નગર ચાર માળીયા સદભાવના ચોકી સામે વટવા અમદાવાદ શહેરનાઓને વોન્ટેડ જાહેર કરી આગળની વધુ તપાસ પો.સ.ઇ.એસ.પી.ગોહિલ નાઓ કરી રહ્યા છે.તા-૧૧/૦૮/૨૦૧૮

## ચોરીની ટ્રક સાથે ત્રણ આરોપીની ધરપકડ કરતી નિકોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૫ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી "આઇ" ડિવિઝન સાહેબ નાઓએ અમદાવાદ શહેરમાં બનતા મિલકત સંબધી ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ જે અનુંસધાને પોલીસ ઇન્સપેકટર શ્રી એચ.બી.ઝાલા નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ શ્રી એસ.વી.પટેલ તથા હેડ.કોન્સ ગૌતમભાઇ હિરાભાઇ બ.નં-૭૮૪૪ તથા પો.કો કિરીટસિંહ રણજીતસિંહ બ.નં-૬૯૯૧ તથા પો.કો જયદિપસિંહ નારાયણસિંહ બ.નં-૪૯૬૪ તથા બીજા સ્ટાફના માણસો સાથે નિકોલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૧૪૪/૧૮ ઇ.પી.કો કલમ-૩૭૯,૧૧૪ મુજબના કામે ચોરીએ ગયેલ ટ્રક નંબર *GJ-18 AT-9266* ની કિ.રૂ-૭,૫૦,૦૦૦/- ના મુદામાલ સાથે આ કામના આરોપીઓ *(૧)* આંબારામ દેવારામ મેઘવાલ ઉ.વ-૩૨ ધંધો-ડ્રાઇવીંગ *(હાલ રહે)* આસમા રોડ લાઇન્સ નારોલ સર્કલ થી આગળ કચરાન ઢગલા પાસે ઇરફાનભાઇના ત્યાં અમદાવાદ *(મુળ વતન)* રહેવાસી-ઇટાદા તા:ચૌહટન જીલ્લો-બાડમેર રાજસ્થાન તથા ન-*(૨)* શ્રવણ મારખારામ જાતે-મેઘવાલ ઉ.વ-૨૦ હાલ રહે- ત્રિભુવન એસ્ટેટ રોડ નંબર – ૮ કઠવાડા જી.આઇ.ડી.સી નિકોલ અમદાવાદ *(મુળ વતન)* ગામ-ગોહડકાતલા તા:ચૌહટન જીલ્લો-બાડમેર રાજસ્થાન *(૩)* સ્વરૂપસિંહ ચેનસિંહ સોઢા *(રાજપુત)* ઉ.વ-૨૧ હાલ રહે- અભેકાપાર તા:રામસર જીલ્લો-બાડમેર રાજસ્થાન નાઓને બાડમેર રાજસ્થાન ખાતેથી પકડી લાવી ગુનાનો ભેદ ઉકેલી પ્રશંસનીય કામગીરી કરેલ છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.